**<u>ક્રિ.પ.અ.નં.૦૯/૨૦૨૧</u>**

**<u>હિંમતનગર બી પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૯૦૫૬૨૦૧૪૩૦/૨૦૨૦</u>**

**<u>અરજદાર નુરમહંમદ હાજી યુસુફભાઈ ચૌહાણની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૫૧ ની આંક–૧ ની અરજી હેઠળ હુકમ :</u>**

(૧) અરજદારની અરજી તથા રજુ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. ત.ક. અમલદાર નો અભિપ્રાય વંચાણે લીધો.

(૨) આ કામના અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારની માલીકી અને કબજા ભોગવટાની **<u>મહીન્દ્રા બોલેરો પીકઅપ જેનો રજી.નં.જી.જે.૦૯.એ.યુ.૦૬૭૨</u>** છે. સદર મુદ્દામાલ વાહન હિંમતનગર બી ડીવી. પો.સ્ટેશન ગુ.ર.નં.૧૪૩૦/૨૦૨૦ ના કામે પોલીસે કબજે કરેલ છે. સદર મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં લાંબા સમય સુધી પડી રહે તો બગડી જઈ શકે તેમ છે અને તેનાથી અરજદારને નુકશાન થાય તેમ છે. સદરહું મુદ્દામાલ પોલીસ સ્ટેશને સાચવવા માટે કોઈ અલાયદી વ્યવસ્થા નથી. સદરહું મુદ્દામાલના બેટરી તથા અન્ય ભાગો બગડી જતાં અરજદારને ખુબ જ નાણાંકીય નુકશાન થાય તેમ છે. નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તથા નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા અરજદાર તૈયાર છે. તે સંજોગોમાં અરજદારે સદર મુદ્દામાલ પરત મેળવવા અરજદારે હાલની અરજી કરેલ છે.

(૩) આ કામે રજુ થયેલ પક્ષકારોના વિ.વ.શ્રીની રજુઆતો ધ્યાને લેતાં તેમજ રજુ થયેલ **<u>મહીન્દ્રા બોલેરો પીકઅપ જેનો રજી.નં.જી.જે.૦૯.એ.યુ.૦૬૭૨</u>** ની આર.સી. બુકની નકલ, આધાર કાર્ડની નકલ રજુ કરેલ છે. જે ધ્યાને લેતાં સદર મુદ્દામાલના માલીક હાલમાં મુળ અરજદાર છે. તેઓએ સદર મુદ્દામાલ પરત મેળવવા અરજી કરેલ છે. સદરહુ મુદ્દામાલ પરત મેળવવા અરજદાર સિવાય અન્ય કોઈએ માંગણી કરેલ નથી.

આમ, આ કામે મુદ્દામાલ અરજદારની માલિકીનુ છે અને વધુ સમય

પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તે બગડી જાય તેમ છે અને જેનાથી અરજદારને નાણાંકીય નુકસાન ભોગવવુ પડે તેમ છે તથા આ કામે આરોપી સામેના કેસની ટ્રાયલ ચાલતાં કેટલો સમય જાય તે નકકી થઈ શકે તેમ નથી. જો તેઓને સદર મુદ્દામાલ પરત આપવામાં ન આવે તો તેઓને ખુબ મોટું આર્થિક નુકશાન જાય તેવું આ કોર્ટનું માનવું છે તેમજ **<u>''નામ. સર્વોચ્ચ અદાલતે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કિસ્સામાં આપેલ ચુકાદો કે જે ૨૦૦૨(૮) સુપ્રિમ ટુડે પાના નં. ૫૨૫'' ઉપર પ્રસિધ્ધ થયેલ છે.</u>** જેમાં નામ. સુપ્રિમ કોર્ટે એવું પ્રસ્થાપિત કરેલ છે કે, ''ગુન્હાના કામે કબજે લીધેલ મુદ્દામાલ તેના યોગ્ય માલીકને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાનમાં લઈ વચગાળાના હુકમે પરત સોંપવો જોઈએ.'' તે સંજોગોમાં મુદ્દામાલ તેને યોગ્ય શરતોને આધિન અરજદારને સોંપવાનું આ અદાલત ને વ્યાજબી અને ન્યાયી જણાતુ હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>:: હુકમ ::</u>

આથી અરજદાર **નુરમહંમદ હાજી યુસુફભાઈ ચૌહાણ,** રહે. ૩૧, તનીષ્ક બંગ્લોઝ, સવગઢ, હિંમતનગર, જી.સાબરકાંઠા નાઓની મુદ્દામાલ પરત મેળવવાની અરજી મંજુર કરવામાં આવે છે.

આથી હિંમતનગર બી ડીવી. પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧ ૨૦૯૦૫૬૨૦૧૪૩૦/૨૦૨૦, ક્રિ.પ્રો. કોડની કલમ-૧૦૨ ના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ કેસનો આખરી નિકાલ ના થાય ત્યાં સુધી **<u>મહીન્દ્રા બોલેરો પીકઅપ જેનો રજી.નં.જી.જે.૦૯.એ.યુ.૦૬૭૨</u>** મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ રકમ કરતાં દોઢી રકમ ના જામીન અને તેટલી જ રકમના બોન્ડ રજુ કર્યેથી નીચેની શરતોને આધીન વચગાળાના હુકમે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

શરતો:-

૧. અરજદારે મુદ્દામાલ વાહનનો આ કેસનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી તેની ઓળખમાં કોઈ ફેરફાર થાય તેવુ કૃત્ય કરવુ/કરાવવુ નહી અને નામ. અદાલત જયારે ફરમાવે ત્યારે રજુ કરવાનુ રહેશે.

૨. અરજદારે મુદ્દામાલ વાહન કેસનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી કોઈને વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરવુ /કરાવવું નહી. મુદ્દામાલ વાહનના ચારે બાજુના ફોટોગ્રાફ રજુ કરવા.

૩. અરજદાર ઉપરોકત શરતોનુ પાલન કરશે તેવુ સોગંદનામુ કરવું.

૪. ઉપરોકત હુકમની સંબંધીત પો. સ્ટેશને યાદી કરવી.

હુકમ મુજબ જામીન તથા બોન્ડ સંબંધીત પોલીસ સ્ટેશને રજુ કરવા.

હુકમ આજ તારીખ : ૧૨ મી, જાન્યુઆરી, સને : ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૧૨/૦૧/૨૦૨૧
મુ.હિંમતનગર.

**(કુલદીપ મુકેશકુમાર ગઢવી)**
ત્રીજા જયુડી.મેજી.ફ.ક., હિંમતનગર.
જજ કોડ જીજે૦૧૫૫૫

//A.B.K.//